૬૦૧/૩,૨૨૫

# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
# સત્સંગ શિક્ષણ પરીક્ષા
# સત્સંગ પ્રવીણ : પ્રશ્નપત્ર - ૧

સવારે ૯ થી ૧૨ ] (રવિવાર, ૨૦ જુલાઈ, ૨૦૦૩) [કુલ ગુણ : ૧૦૦

**નોંધ : જમણી બાજુએ આપેલા અંકો જે તે પ્રશ્નના ગુણાંક દર્શાવે છે.**

**(વિભાગ - ૧ શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના)**

**પ્ર.૧ નીચેના કોઈપણ બે વિષયો વિષે શાસ્ત્રનાં ત્રણ પ્રમાણ આપો.** ૬

૧. પરબ્રહ્મને તત્ત્વે સહિત ઓળખવા - અક્ષરબ્રહ્મની આવશ્યકતા.
૨. શ્રીજીમહારાજનું સર્વોપરીપણું - શ્રીમુખનાં વચનોના આધારે
૩. કર્તાહર્તા સમજવાની આવશ્યકતા
૪. સાકાર સ્વરૂપમાં મહારાજની રુચિ

**પ્ર.૨ પ્રમાણ, સિદ્ધાંત કે કડી પરથી વિષયનું શીર્ષક આપો.** ૫

૧. અષાઢી મેઘે આવી કર્યા રે, ઝાઝાં બીજાં ઝાકળ....
૨. અર્જુને યુક્ત હોય ત્યારે 'નરનારાયણ' એ નામે જાણવા.
૩. 'ભગવાનને તો આકાર નથી' એ સમજનારાની અવળી સમજણ છે.
૪. 'સાહબકા ઘર સંતનમાંહી, સંત સાહબ કછુ અંતર નાહીં.'
૫. બ્રહ્મરૂપ થઈને જે પરબ્રહ્મની ભક્તિ ન કરે તો તે પણ આત્યંતિક કલ્યાણને ન પામ્યો કહેવાય.

**પ્ર.૩ આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો.** ૪

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. ભગવાન સાકાર છે કારણ કે
(અ) બ્રહ્માદિક સૃષ્ટિ સાકાર છે.
(બ) ભગવાન જુએ છે.
(ક) ભજન કરનારા સાકાર છે.
(ડ) મૂર્તિ વિના તેજ હોય નહીં. તેથી





૨. અક્ષરબ્રહ્મનાં સ્વરૂપો
(અ) ચિદાકાશરૂપે
(બ) ધામરૂપે
(ક) મનુષ્યદેહધારી
(ડ) ધામમાં સેવકરૂપે

**પ્ર.૪ નીચેનામાંથી કોઈપણ એક પ્રસંગ વર્ણવી તેનો સિદ્ધાંત લખો. (બારેક લીટીમાં)** ૪

૧. 'છોકરા ! ભગવાનને તોળ મા.'
૨. મુક્તાનંદ સ્વામીને થયેલી શાંતિ.
૩. રઘુવીરજી મહારાજની ગ્રંથિઓ ગળી ગઈ.

**પ્ર.૫ કોઈપણ બે વિષે વિવરણ લખો. (બારેક લીટીમાં)** ૮

૧. દિવ્યભાવ સમજવાની આવશ્યકતા.
૨. પ્રગટ ભક્તિનો મહિમા
૩. અનન્ય નિષ્ઠા છતાં સર્વનો આદર
૪. શ્રીજીમહારાજે કહેલો ગુણાતીતાનંદ સ્વામીનો અસાધારણ મહિમા

**પ્ર.૬ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વિષે કારણ આપો. (બારેક લીટીમાં)** ૮

૧. કેશવજીવનદાસને ગુણાતીતાનંદ સ્વામીના અક્ષરપણાની પાકી નિષ્ઠા થઈ.
૨. ઉપાસના સમજવી જરૂરી છે.
૩. પ્રમુખસ્વામી મહારાજ શ્રીહરિને મળેલા કહેવાય.
૪. મહારાજે નિત્યાનંદ સ્વામીને કહ્યું કે ઉપાસક તો આવા જ હોય.

**પ્ર.૭ ઉપાસનામાં શું સમજવું ? અને શું ન સમજવું ? તેના આધારે નીચેના વાક્યની પૂર્તિ કરો.** ૮

**(ઉપાસનામાં શું સમજવું ?)**

૧. આ લોકમાંથી ... ... ... ... સમ્યક્ પ્રકારે પ્રગટ છે.
૨. આપણી ઉપાસના ... ... ... ... બે ચરણની જ છે.
૩. જીવ, ઈશ્વર, ... ... ... ... અનાદિ છે.
૪. અન્ય અવતારો ... ... ... ... સ્પષ્ટ ભેદ છે.
૫. શ્રીજીમહારાજ ... ... ... ... પ્રગટ અને દિવ્ય છે.

(ઉપાસનામાં શું ન સમજવું ?)

૧. વચનામૃતાદિ સત્શાસ્ત્રોનું ... ... ... ... શકાય છે તેમ ન સમજવું.

૨. આજ્ઞા પાળ્યા વગર ... ... ... ... શકે છે, તેમ ન સમજવું.

૩. સદ્. ગુણાતીતાનંદ સ્વામી ... ... ... ... શકાય, તેમ ન સમજવું.

પ્ર.૮ પૂજાની મૂર્તિ કે દીક્ષા આપવાનો અધિકાર કેવળ આચાર્યનો છે ? સમજાવો. **૫**

**(વિભાગ-૨ સત્સંગ વાચનમાળા ભાગ-૩ તથા યુગવિભૂતિ પ્રમુખસ્વામી મહારાજ)**

**પ્ર.૯ નીચેનાં વિધાનો કોણ, કોને અને ક્યારે કહે છે તે લખો. ૬**

૧. 'કાંઈ વધ્યું ઘટ્યું છે, આજ તો મને પણ ભૂખ લાગી છે.'

૨. 'તારા જીવ સામું જોઉં છું તો અરધો સત્સંગ રહ્યો છે.'

૩. 'ભાઈ ! હરિના જન તો સૌને થવાનું છે.'

**પ્ર.૧૦ નીચે આપેલાં વાક્યોમાંથી કોઈપણ બે વિષે કારણ આપો. (બારેક લીટીમાં) ૬**

૧. મુક્તાનંદ સ્વામી નાક-કાન કપાવવા તૈયાર થયા.

૨. રઘુવીરજી મહારાજે જાતે રોટલો બનાવ્યો.

૩. નિષ્કુળાનંદ સ્વામી સ્ત્રીઓની સભામાં ગયા નહીં.

૪. દારેસલામ એરપોર્ટના અધિકારીઓ આશ્ચર્યચકિત થઈ ગયા.

**પ્ર.૧૧ નીચેના વિષયો પર મુદ્દાસર વિવરણ લખો. (બારેક લીટીમાં) ૮**

૧. ખુશાલભટ્ટનું ઐશ્વર્ય **અથવા**
નિઃસ્નેહી પર્વતભાઈ

૨. સ્વામીશ્રીની ભક્તો પ્રત્યે આત્મીયતા **અથવા**
નિઃસ્વાદી પ્રમુખસ્વામી મહારાજ

**પ્ર.૧૨ નીચેના પ્રશ્નોના જવાબ એક વાક્યમાં આપો. ૬**

૧. રઘુવીરજી મહારાજ માટે ગુણાતીતાનંદ સ્વામી શું કહેતા ?

૨. પર્વતભાઈએ ખટરસના નિયમ શા માટે લીધા હતા ?

૩. પ્રથમ દર્શન વખતે કુશળકુંવરબાએ મહારાજને શું કહ્યું ?

૪. ગ્રામ્યવાર્તામાં અભાવવાળા શિવલાલ શેઠ પોતાની દુકાને કઈ ત્રણ વસ્તુ રાખતા ?

૫. નિષ્કુળાનંદ સ્વામીએ રચેલા ત્રણ ગ્રંથનાં નામ આપો.

૬. પ્રમુખસ્વામી મહારાજે કયા બે ગામના અપૈયા છોડાવ્યા ?





**પ્ર.૧૩ આપેલા વિકલ્પોમાંથી સાચા વિકલ્પો લખો. ૬**

**નોંધ : એકથી વધારે (બે કે ત્રણ પણ) જવાબ સાચા હોઈ શકે. તમામ સાચા જવાબ જણાવ્યા હશે તો જ પૂર્ણ ગુણ મળશે અન્યથા એક પણ ગુણ નહીં મળે.**

૧. કુશળકુંબરબાને કયા નિયમો હતા ?

(અ) સદાવ્રત દેવું. (બ) તીર્થવાસીઓનો ચરણસ્પર્શ કરવો.

(ક) સાધુ-સંતોને હાથીએ બેસાડવા. (ડ) દેવદર્શને જવું.

૨. ગોપાળાનંદ સ્વામીની સાહિત્ય સેવા

(અ) ઉપનિષદ્ ભાષ્ય (બ) પુરાણ ભાષ્ય

(ક) ગીતા ભાષ્ય (ડ) બ્રહ્મસૂત્ર ભાષ્ય

૩. મુક્તાનંદ સ્વામીએ રચેલાં કીર્તનો

(અ) ભ્રમણા ભાંગી રે હૈયાની....

(બ) સંત વિના રે સાચી કોણ કહે....

(ક) માઈ રી મૈં પુરુષોત્તમ વર પાયો....

(ડ) અનુભવી આનંદમાં બ્રહ્મરસના ભોગી રે....

**(વિભાગ - ૩ નિબંધ)**

**પ્ર.૧૪ નીચેના કોઈપણ એક વિષય પર આશરે ૬૦ લીટીમાં નિબંધ લખો. ૨૦**

૧. હિંદુ સંસ્કૃતિનું પોષક અને સંવર્ધક - અક્ષરધામ

૨. સર્વોપરી ઉપાસનાના પ્રવર્તક - ગુણાતીતાનંદ સ્વામી

૩. સ્થિતપ્રજ્ઞ પુરુષ પ્રમુખસ્વામી મહારાજ